# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-05-2026 Day: Wednesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## PM-અપીલ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના ગુજરાત પ્રવાસ દરમ્યાન પશ્ચિમ એશિયામાં સર્જાયેલી યુદ્ધની કારણે સર્જાયેલા વૈશ્વિક સંકટની વાત કરી દેશવાસીઓને પેટ્રોલ-ડીઝલનો ઉપયોગ ઓછો કરવા અને સોનાની ખરીદી ન કરવા અને એક વર્ષ માટે વિદેશ પ્રવાસો ટાળવાની અપીલ કરી હતી.જેના પગલે પર્યાવરણ જાળવણી અને ઈંધણ બચતના ઉમદા હેતુથી ગુજરાતના રાજ્યપાલ સહીતના મંત્રીઓએ એક પ્રેરણાદાયી નિર્ણય લીધો છે જેનાથી ઇંધણની બચત થશે.

જે અંતર્ગત રાજ્યપાલ આચાર્ય દેવવ્રત હવે હેલિકોપ્ટર કે વિમાન સેવાના બદલે ST અને ટ્રેનમાં મુસાફરી કરશે.નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોતાનો અમેરિકાનો પ્રવાસ રદ કર્યો છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રી પાટીલ, રાજ્યના આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરિયા, મોરબીના ધારાસભ્ય તેમજ રાજ્યના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના રાજ્યમંત્રી કાંતિ અમૃતિયાએ પાયલોટિંગ કારનો ઉપયોગ ન કરવાનો નિર્ણય કર્યો છે. તો ગુજરાત યુનીવર્સીટી દ્વારા હાલ તેમના સ્ટાફ માટે તાત્કાલિક કારપુલિંગનો નિર્ણય કરાયો છે.

આ સાથે સહુ મંત્રીઓએ દેશની આર્થિક આત્મરક્ષા માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કરેલી તમામ અપીલમાં ગુજરાતના નાગરિકોએ સહયોગ કરવો જોઇએ એવો અનુરોધ કર્યો હતો.

---

## નીટ પરીક્ષા રદ:

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – N.T.A.એ આરોગ્ય શિક્ષણમાં પ્રવેશ માટે ત્રીજી મે-એ લેવાયેલી રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષા – નીટને રદ કરવાનો નિર્ણય કર્યો છે. વિદ્યાર્થીઓના હિત અને રાષ્ટ્રીય પરીક્ષા પ્રણાલી પર રહેલા વિશ્વાસને ધ્યાનમાં રાખી આ નિર્ણય કરાયો છે. સરકારે પેપર લિકના કથિત આક્ષેપની સમગ્ર તપાસ માટે આ મામલો કેન્દ્રીય તપાસ સંસ્થા –C.B.I.ને સોંપવાનો નિર્ણય કર્યો છે. જોકે, ફરીથી પરીક્ષા માટે વિદ્યાર્થીઓએ નોંધણી કરાવવાની અને કોઈ વધારાની ફી ભરવાની જરૂર નહીં પડે તેમ NTA ના નિદેશક અભિષેક સિંઘે જણાવ્યું.

ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીત કરતા આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ આ અંગે પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યુ હતું કે આ એક જઘન્ય કૃત્ય છે અને જે માટે ચોક્કસ પ્રકારે એક્સન લેવાશે.

ઉલ્લેખનીય છે કે કચ્છ જીલ્લામાં 1,437 વિધાર્થીઓએ નીટ પરીક્ષા આપી છે. જે રદ થતા પોતાની મહેનત પર પાણી ફરી વળવાની ભીતી સાથે નિરાશા અનુભવી હતી. આ બાબતે કચ્છના વાલીઓ અને વિધાર્થીઓએ રોષ સાથે આ અંગે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી.

---

## વસ્તી ગણતરી:

સમગ્ર ગુજરાત સાથે કચ્છમાં પણ આગામી પહેલી જૂનથી વસતિ ગણતરી 2027ના પહેલા તબક્કાનો પ્રારંભ થશે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા વસતિ ગણતરી નિયામક સુજલ મયાત્રાએ માહિતી આપી હતી કે આગામી વસતિ ગણતરી સંપૂર્ણ રીતે ડિજિટલ માધ્યમથી કરાશે. પહેલા તબક્કા હેઠળ આવાસની સ્થિતિ સહિત 34 જેટલા પ્રશ્ન પૂછવામાં આવશે. તેમજ ઘરયાદી અને મકાનોની ગણતરી કરાશે.

ઉપરાંત નાગરિકો આગામી 17થી 31 મે સુધી અધિકૃત પૉર્ટલ SE.CENSUS.GOV.IN પર સ્વગણતરી વિકલ્પનો ઉપયોગ કરી પોતાની વિગત જાતે ભરી શકશે. કોઈ પણ મૂંઝવણ કે માહિતી માટે ટૉલફ્રી નંબર 1855 પર સંપર્ક કરી શકાશે.

---

## આઈ.પી.એલ:

ગુજરાત ટાઇટન્સની ટીમે આઈ.પી.એલની મેચમાં સન રાઈઝર્સ હૈદરાબાદની ટીમને 82 રને હરાવી આઠમી સફળતા મેળવી છે. ગઈકાલે સાથે બારમાંથી આઠ મેચ જીતી પોઇન્ટ ટેબલ માં14 પોઇન્ટ સાથે ટોચના સ્થાને પહોંચવા ની સિદ્ધિ મેળવી છે. ગઈકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં ગુજરાતની ટીમના 5 વિકેટના ભોગે 168 રનના લક્ષ્યાંક સામે હૈદરાબાદની ટીમ 15 ઓવરમાં માત્ર 86 રન કરી શકી હતી. ગુજરાતની ટીમના રબાડા અને જેસન હોલ્ડરે ત્રણ ત્રણ વિકેટ ઝડપી હતી.સાંઈ સુદર્શનના સહુથી વધુ 61 અને વોશિંગ્ટન સુંદર ના 50 રન મુખ્ય હતા. IPL 2026ની 57મી મેચમા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે રાયપુરમાં સાંજે 7.30 વાગ્યે રમાશે.

---

## હવામાન:

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 15 તારીખ સુધી કેટલાક જિલ્લામાં હિટવેવની આગાહી છે.

દરમિયાન ગઈકાલે રાજ્યમાં સૌથી વધુ 45 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કંડલા વિમાનમથક અને સુરેન્દ્રનગરમાં નોંધાયું છે. જ્યારે અમરેલી, અમદાવાદ, ગાંધીનગર અને વડોદરામાં 44 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યાના અહેવાલ છે.

જીલ્લા મથક ભુજમાં  મહત્તમ તાપમાન 42 ડિગ્રી રહ્યુ હોવા છતા આકરા તાપમાંથી કોઈ રાહત ન મળતા  જનજીવન લુની આણથી ત્રાહિમામ પોકારી ઉઠ્યુ હતું. લઘુત્તમ તાપમાન 25 થી 26 ડિગ્રી રહેતા જીલ્લા રાત્રે પણ ઉકળાટ અનુભવાયો હતો.

---

# કચ્છ-લખપતિ દીદી:

ગુજરાત રાજ્યમાં મહિલા સશક્તિકરણ અને ગ્રામીણ આર્થિક વિકાસને નવી દિશા આપવા માટે ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની હેઠળ વર્ષ 2026-27 માટે સક્રિય સ્વસહાય જૂથોમાંથી 1,50,000 મહિલાને `લખપતિ દીદી' બનાવવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છેજે અંતર્ગત કચ્છને 5551 મહિલા લખપતિ દીદી બનાવવાનો લક્ષ્યાંક અપાયો છે.

---